Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૨/૬૨૫૩૭ — તા.૨૮/૦૭/૨૦૨૨

પરિપત્ર-૨૭૮૫

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે શિક્ષણ વિદ્યાશાખાના બી.એડ. (બેચલર ઓફ એજ્યુકેશન) અભ્યાસક્રમની ઓનલાઈન મધ્યસ્થ પ્રવેશ પ્રક્રિયા અન્વયે તા.૨૨/૦૭/૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ રાઉન્ડ-૨ બાદ ખાલી રહેતી બેઠકો પર ઓપન રાઉન્ડ દ્વારા પ્રવેશ પ્રક્રિયા તા.૨૯/૦૭/૨૦૨૨ થી તા.૦૮/૦૮/૨૦૨૨ સુધીમાં નીચે જણાવેલ નિયમો મુજબ હાથ ધરવામાં આવશે.

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના બી.એડ. પ્રવેશનો બીજો રાઉન્ડ તા.૨૨/૦૭/૨૦૨૨ના રોજ પૂર્ણ થતાં ઘણી બધી કોલેજોમાં બી.એડ. સીટો ખાલી રહેતાં પ્રવેશ માટે નીચે મુજબ નિણર્ય લેવામાં આવેલ છે.
- બી.એડ. પ્રવેશ માટે ઓપન રાઉન્ડ આપવામાં આવે છે. આ રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓ બી.એડ. પ્રવેશ ઇરછુક હોય અને અગાઉ બી.એડ. પ્રવેશ માટે રજીસ્ટ્રેશન ન કરાવેલ હોય તેવા વિદ્યાર્થીઓ રૂ.૧૦૦૦/-ની પેનલ્ટી સાથે પ્રવેશ લેવા ઈચ્છુક બી.એડ. કોલેજ ખાતેથી ઓનલાઈન બી.એડ.ફોર્મ ભરી કરી શકશે. તા.૨૯/૦૭/૨૦૨૨ થી ૦૮/૦૮/૨૦૨૨ સુધીમાં કોલેજો દ્વારા તમામ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.
- સરકારશ્રીના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે રીતે કોલેજોએ ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. કોલેજોએ ફોર્મ ભરતા પહેલાં જે તે કોલેજમાં વિષયની ખાલી જગ્યાઓ હોય તો જ કોલેજમાં પ્રવેશ ફોર્મ ભરી આપવાના રહેશે.
- સરકારશ્રીના પ્રવેશના નિયમો મુજબ દરેક કોલેજોની સ્ટ્રેન્થને ધ્યાને રાખી ૧૦% બેઠકો EWSની ભરવાની હોય છે. જે વિદ્યાર્થીઓ EWS કેટેગરીમાં પ્રવેશ લેવા માંગતા હોય તે વિદ્યાર્થીઓએ EWSનું પ્રમાણપત્ર રજુ કરેથી EWS કેટેગરીમાં પ્રવેશ પાત્ર થશે. જેમાં વિષયવાર NCTEના ૨૫% બેઠકો ફાળવવાના નિયમનું પાલન કરવાનું રહેશે.
- બી.એડ. કોલેજ ચલાવતા મંડળની સરકારશ્રીના પ્રવેશ ધોરણો મુજબ (મેનેજમેન્ટ ક્વોટા) ૧૫%બેઠકો ભરવાના અધિકાર મુજબ પ્રવેશ ફોર્મ ભરી મેરીટના ધોરણે પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. જેની ચકાસણી યુનિવર્સિટી ખાતે કરાવી એપ્રુવલ લેવાની રહેશે.

Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

- બી.એડ. પ્રવેશના અગાઉના રાઉન્ડમાં બી.એડ. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં રીજેક્ટ થયેલ છે. તેવા વિદ્યાર્થીઓ તેમની ભૂલો સુધારી જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરી ફરી ઓનલાઈન ફોર્મ ભરી શકશે. આવા વિદ્યાર્થીઓના ફોર્મ રૂ.૧૦૦૦/- પેનલ્ટી સાથે સ્વીકારવામાં આવશે.
- બી.એડ. પ્રવેશ સમિતિ દ્વારા ઉપરોક્ત તમામ મુદ્દા તથા NCTEના તમામ નિયમોને ધ્યાનમાં લઇ પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. ફોર્મમાં કોઈ ક્ષતિ જણાશે તેવા તમામ ફોર્મ રદ્દ કરવામાં આવશે.
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. કોલેજોએ NCTE ના નિયમો મુજબ દરેક વિષયનું સીટમેટ્રિકની જાળવણીની માહિતીની ફાઈલો તા.૧૦/૦૮/૨૦૨૨ના રોજ બી.એડ. પ્રવેશ સમિતિને યુનિવર્સિટી ખાતે રજુ કરવાની રહેશે ત્યારબાદ પ્રવેશ સુનિશ્ચિત કરવામાં આવશે.

કા.કુલસચિવશ્રી
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ. કોલેજોના આચાર્યશ્રીઓ/ટ્રસ્ટીશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કર્યવાહી કરવા સારૂં.
- બી.એડ. પ્રવેશ લેવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓ તરફ જાણ સારૂં.

નકલ રવાના-

- બી.એડ. મધ્યસ્થ પ્રવેશ વર્ષ ૨૦૨૨-૨૩ સમિતિ તરફ